# દાંતા તાલુકાના ખેડૂતો દ્વારા સરકારી ગોડાઉન પર હલ્લાબોલ

## પોષણક્ષમ ભાવો ન મળતા ખેડૂતો રોષે ભરાયા : દાંતાના સરકારી ગોડાઉનમાં ખેડૂતોના ઘઉ ન લેવાતા હોબાળો મચ્યો : હાલ ગુજરાત રાજ્ય પુરવઠો વિભાગના સરકારી ગોડાઉનમાં નોડલ એજન્સી તરીકેની જવાબદારી સોંપવામાં આવી છે








બનાસકાંઠા જિલ્લા માં હાલ રવિપાક ને ખેડૂતો વેચાણ કરવા નીકળ્યા છે પણ પોષણક્ષમ ભાવો ન મળતા રોષે ભરાયા છે જેને લઈ દાંતા તાલુકા ના કેટલાક ખેડૂતો સરકારી માલ ગોડાઉન ઉપર હલ્લાબોલ કર્યો હતો અને ભાર સૂત્રો ચાર સાથે ગોડાઉન માં ધસી જય પકેલો અનાજ ટેકા ના ભાવે ખરીદવા માંગ કરી હતી દાંતા તાલુકો મહત્તમ આદિવાસી વિસ્તાર છે જ્યાં ખેડૂતો પણ આદિવાસી મોટી સંખ્યા માં આવેલા છે તાલુકા માં હાલ ૧૦૦૦ હેકટર જેટલા વિસ્તાર માં ઘઉં નું વાવેતર કરાયું હતું અને આ પાકેલા ઘઉં ખરીદવા રાજ્ય સરકારે ૩૪૭ રૂપિયા ટેકા નો ભાવ જાહેર કરાયો છે અને આ ઘઉં ટેકા ના ભાવે ખરીદવાની જવાબદારી હાલ ગુજરાત રાજ્ય પુરવઠો વિભાગ ના સરકારી ગોડાઉન માં નોડલ એજન્સી તરીકે ની જવાબદારી સોંપવામાં આવી છે પણ ખેડૂતો ના જણાવ્યા પ્રમાણે આ ગોડાઉન માં બેઠેલા સરકારી બાબુઓ રાજ્ય સરકાર ના આદેશ નું અનાદર કરતા હોય તેમ ખેડૂતો ને વારંવાર ધક્કા ખવડાવી રહ્યા છે પરિણામે ખેડૂતો ને જે ઘઉં ટેકા ના ભાવે ૩૪૭ રુપિયા મળવા જોઈએ તેના બદલે બજાર માં ૨૯૦ થી ૩૦૦ સુધીનોજ ભાવ મળતા ખેડૂતો ને હાલ રાત પાણી રોવાનો વારો આવ્યો છે આમ ઘઉં જ નહીં પણ દિવેલા રાયડો જેવા પાકો માં પણ પોષણ ક્ષમ ભાવ ન મળતા કરોડો રૂપિયા ની નુકશાની હાલ ખેડૂતો ને થઈ રહી છે ખેડૂતોએ ચીમકી ઉપચારી છે કે જો ૭ થી ૧૦ દિવશ માં ટેક ના ભાવે અનાજ નહીં ખરીદાય તો ખેડૂતો આત્મ વિલોપન કરશે જેને સઘળી જવાબદારી સરકાર ની રહેશે અને તેથી પણ જલદ આંદોલન કરવાની ચીમકી આપવામાં આવી છે આ બાબતે ભારતીય જનતા કિશાન મોરચા દાંતા ના પ્રમુખ પરથી ભાઈ પટેલએ જણાવ્યુ છે કે એમો તાલુકા ના ખેડુતો ના હિત જોતા જો ૭ થી ૧૦ દિવશ માં ટેક ના ભાવે અનાજ નહીં ખરીદાય તો ખેડૂતો આત્મ વિલોપન કરશે જેને સઘળી જવાબદારી સરકાર ની રહેશે અને તેથી પણ જલદ આંદોલન કરીશુ.

જોકે આ બાબતે દાંતા ની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ના મહા મંત્રી પદ્યુમન સિંહ ગઢવી જણાવી રહ્યા છે કે ખેડૂતો નો અનાજ ટેકા ના ભાવે અમને ખરીદવા કોઈ સત્તા અપાયી નથી અને જો ખેડૂતો ને એ પી એમ સી માં બજાર ના ભાવે ન પોષાતું હોય તો તેમ ને સરકારી ગોડાઉન માં મોકલીએ છીએ.

જયારે સરકારી ગોડાઉન ના મેનેજર ભીખુ સિંહ સોલંકી નુ કહેવુ છે કે ખેડૂતો સરકાર ના ગેજેટ ને નિયમ પ્રમાણે માલ લાવશે તો ખરીદી કરીસુ અને ખેડૂતો હજી સુધી કોઈ માલ વેચાણ કરવા આવેલ ન હોવા નુ જણાવી રહ્યા છે. આમ હાલ દાંતા તાલુકા નો ગરીબ ખેડૂત આંટીઘૂટી માં ફસાયો છે ને આંતરિક વિખવાદો સરકાર નું બદનામી નું કારણ ન બને તે માટે સરકાર તાકીદે પગલાં લે તે પણ જરૂરી બન્યું છે.

ખેડુતો ના હિત જોતા જો ૭ થી ૧૦ દિવશ માં ટેક ના ભાવે અનાજ નહીં ખરીદાય તો ખેડૂતો આત્મ વિલોપન કરશે જેને સઘળી જવાબદારી સરકાર ની રહેશે અને તેથી પણ જલદ આંદોલન કરીશુ.....પરથીભાઈ પટેલ( પ્રમુખ.તાલુકા કિસાન મોરચો,ભાજપા) દાંતા.

# આત્મવિલોપનની ચીમકીને પગલે તંત્ર હરકતમાં

મૂળ મહેસાણાના ઊંઝાના ભાનુભાઈ વણકરે પાટણમાં આત્મવિલોપન કરી લેતા હાલમાં તેમની ઉલટાનું નામ પણ લખાયેલું નથી... તેમ છતાં આજે વહેલી પરોઢે મહેસાણા એસ.પી. કચેરી પાસે પોલીસ



માગણી તો સંતોષાઈ ગઈ છે પરંતુ આજે મહેસાણા આત્મવિલોપન કરવાની ચીમકી ઉચારનારની સંખ્યા પણ વધી રહી છે જેને લઈને આજે અને આવતીકાલે તંત્રને ખડે પગે રેહવું પડશે.

આજથી બે દિવસ પહેલા મહેસાણા એસ.પી. કચેરીમાં ટપાલ શાખામાં અજાણ્યા વ્યક્તિએ પત્ર લાખ્યો છે જેમાં તેની સરકાર અને પોલીસ સાથે કામ ન થવાની બીક અને માગણી ન સંતોષાતા તે આત્મવિલોપન કરેશે તેવી ચીમકી આપી છે. પરંતુ તેનું સરનામું કે પછી પત્ર વ્યવહારનું સરનામું કે ટેલીફોન નંબર તે પત્રમાં આપવામાં આવ્યો નથી. બંદોબસ્ત સાથે ફાયર બ્રિગેડની ટીમ ખડે પગે પહોંચી ગઈ છે અને સમી સાંજ સુધી આગને કાબુમાં લેવા માટેના પ્રયાસ તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે જયારે આવતીકાલે આજ રીતે મહેસાણાના વાલમ ગામનો હું રહીશ છુ તેમ એક પત્ર પણ ગત રોજ મળી આવ્યો છે. બે પત્ર મહેસાણા પોલીસને મળવાથી પોલીસ હાલમાં ખડે પગે રહેવા ગયું છે જ્યારે આજે સમી સાંજ સુધી કોઈ પણ વ્યક્તિ આત્મવિલોપન કરવા આવ્યો નથી પરંતુ ચીમકીને પગલે પોલીસ અને તંત્ર ચોક્કસથી હરકતમાં આવ્યું છે.

## યાત્રાધામ શામળાજી પાસે ખુલ્લી જગ્યામાં અગમ્ય કારણોસર આગ ભભૂકી ઉઠતા અફડાતફડી

અરવલ્લી જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાસ્થળ શામળાજી નજીક આવેલા શીત કેન્દ્ર પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં શનિવારે રાત્રીના સુમારે અગમ્ય કારણોસર ભયંકર આગ લગતા આજુ બાજુમાં રહેલા ઝાડી-ઝાંખરા બળીને ખાખ થયી ગયા હતા આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કરતા આજુબાજુના મકાનોમાં રહેતા પ્રજાજનો ભયનો માહોલ પેદા થયો હતો. આગને પગલે દોડી આવેલા ગ્રામજનોએ અને સ્થાનિકોએ આગને પાણીનો મારો ચલાવી કાબુમાં લેવા પ્રયત્નો હાથ ધર્યા હતા.

## તલોદ સ્ટેશન પ્રાથમિક શાળા નં. ૨માં ગુણોત્સવ યોજાયો

તલોદ નગરની મધ્યમાં આવેલી નગરની જુની અને જાણીતી પ્રાથમિક શાળા તલોદ સ્ટેશન પ્રાથમિક શાળા નંબર-૨ (કન્યા શાળા)માં ગુણોત્સવ-૮ અંતર્ગત તા. ૭-૪-૧૮ના રોજ બાહ્ય મૂલ્યાંકન અંતર્ગત સાબરકાંઠા જિલ્લા સહાયક નિરીક્ષક, સ્થાનિક ભંડોળ હિસાબ એસ.એમ. ચૌધરી દ્વારા ધો. ૨ થી ૮ના વિદ્યાર્થીઓનું વાંચન, ગણન, લેખન ચકાસવામાં આવ્યુ હતુ. તથા ધો. ૬ થી ૮ના વિદ્યાર્થીઓનું ઓએમઆર શીટ દ્વારા મૂલ્યાંકન હાથ ધરાયુ હતુ.

# ગાંધીનગર શહેર વસાહત મહામંડળે અરવલ્લી જીલ્લાની ૩૯ શાળાના બાળકોને ચંપલ વિતરણ

મોડાસા, તા. ૯

અરવલ્લી જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાં આવેલી શાળાના ગરીબ અને શનિવારે પ્રમુખ અરુણભાઈ બુચ અને મંડળના સદશ્યો મયુરભાઈ વ્યાસ, શીશીકાન્ત મોઢા, અશોકભાઈ રિંદાણી, નિલેન્દુ બુચના જણાવ્યા અનુસાર ૨ લાખ ૬૯ હજાર ઉઘાડપગા લોકોની ચરણસેવાના પગલે તા. ૭-૪-૨૦૧૮ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં



જરૂરિયાતમંદ બાળકો માટે ગાંધીનગર શહેર વસાહત મહામંડળ ઉનાળામાં તડકાથી રક્ષણ અને શિયાળામાં ઠંડી માં પ્રતિકાર મળે તે માટે ચંપલ અને સ્વેટર,મોજા અને ટોપીનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. મોડાસાની અલ-ફલાહ નગર પ્રાથમિક શાળા અને મોડાસા લાયન્સ કલબ સંચાલિત બહેરા મૂંગા શાળા સહીત જીલ્લાના મેઘરજ તાલુકા સહિતની ૩૯ શાળાના બાળકોને વોરાએ ચંપલનું ૩૮૫૯ બાળકોને વિતરણ કરી ઉઘાડપગા બાળકોની ચરણસેવા કરીહતી. ગાંધીનગર શહેર વસાહત મહામંડળની મફત ચંપલ સેવાનો પ્રથમવાર લાભ મેળવનાર અલફલાહ નગર પ્રથિક શાળાના આચાર્ય નર્મદાબેન સુતરીયા, શિક્ષકગણ અને એસએમસી કમિટીના અધ્યક્ષે સરાહના કરી હતી.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણભાઈ સ્થાન મળ્યું હતું. ગાંધીનગરમાં વસાહત મહામંડળના સદશ્યોના સહકારથી અને નગરજનોના પ્રેમથી ગાંધીનગરમાં ઉછરતા ૧૩૪ પ્રકારના પક્ષીઓ અને ૩૮ પ્રકારના આવન-જાવન કરતા પક્ષીઓની તરસ છીપાવવા ૧૨ હજાર પક્ષી પરબ અને હાલમાં પ્રતિવર્ષ ૧ હજાર પક્ષી પરબનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવતું હોવાનું રૂબરૂ મુલાકાતમાં જણાવ્યું હતું.

## મામલતદાર કચેરીના જનસેવા કેન્દ્રમાં એક અરજદારનું મોત

મહેસાણા, તા. ૯

મહેસાણાની મામલતદાર કચેરીમાં એક ખેડૂત પોતાના કામ અર્થે આવ્યો હતો. ત્યારે અચાનક ઢળી પડતા ખેડૂતનું મોત થવા ગયુ હતુ. જ્યારે મોતનું કારણ હાલમાં જાણી શકાયુ નથી. આ સમગ્ર મામલે પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

મહેસાણાની મામલતદાર કચેરીમાં આજે સોમવારે સવારે જનસેવા કેન્દ્રમાં એક અરજદાર ખેડૂતનું મોત થવા ગયુ હતું. મૂળ મહેસાણા જિલ્લાના પાલાવાસણા ગામના રહેવાસી અને વરવાભાઈ નાઈ નામના ખેડૂત અરજદારનું મોત અચાનક થવા ગયુ હતુ. હાલમાં આ ખેડૂત કેમ કચેરીમાં આવ્યા હતા તે અંગે પણ પ્રશ્નાર્થ છે. જનસેવા કેન્દ્રમાં કામ અર્થે આવ્યો હતો અને આ અરજદાર જનસેવા કેન્દ્રમાં અરજદાર અચાનક ચક્કર ખાઈને ઢળી પડ્યો હતો અને સ્થાનિક લોકોએ આ વ્યક્તિને ઉઠાવીને પાણી પણ આપ્યુ હતુ. સાથે ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં પણ ખસેડાયા હતા. જેમાં સિવિલમાં અરજદારનું સારવાર દરમ્યાન મોત થયાનુ જાણવા મળી રહ્યું છે. જ્યારે મોતનું કારણ પી.એમ. થયા બાદ જ જાણ થશે. હાલમાં પોલીસે આ સમગ્ર મામલે તપાસ શરૂ કરી છે.

# અરવલ્લી જિલ્લામાં ત્રણેય વિધાનસભા ક્ષેત્રોમાં વિકાસના સર્વાંગી કામો હાથ ધરાશે

## જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભીએ ભાજપના ઇતિહાસ અને મૂલ્યોને કાર્યકરો સમક્ષ તાજા કરાવ્યા

મોડાસા, તા. ૯

ભારતીય જનતા પાર્ટી અરવલ્લી જિલ્લો દ્વારા આજરોજ જિલ્લામાં તમામ બુથો ઉપર સ્થાપના દિનની ઉજવણી કરાયા



પછી મોડાસા ખાતે બપોરે રાજયના મંત્રી અને જિલ્લાના પ્રભારી રમણલાલ પાટકરના અધ્યક્ષસ્થ અરવલ્લી જિલ્લાના અપેક્ષિત કાર્યકર્તાઓ પદાધિકારીઓ, હોદ્દેદારોની બેઠક વલ્લભસદન હૉલ માડાસા ખાતે યોજાઈ હતી.

બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા સર્વે કાર્યકર્તાઓને ભાજપા સ્થાપના દિનની શુભકામના પાઠવી અને ભારતીય જનતા પાર્ટી ના ઈતિહાસ અને મૂલ્યો તાજા કરાવીને માં ભારતીને પરમ વૈભવના શિખરે પહોચાડવાની નેમ વ્યક્ત કરી હતી.

પ્રભારી મંત્રી રણલાલ પાટકર ધ્વારા જિલ્લામાં પ્રજાલક્ષી પ્રશ્નોનું નિરાકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરી સરકારને લગતા પ્રશ્નો રજુઆતો અંગે ચર્ચા કરવામાં આવી અને જિલ્લાની પ્રગતિ માટે વિકાસલક્ષી કામો ઉપર વિશેષ ધ્યાન રાખવા અંગે જિલ્લાના વિકાસની વિસ્તૃત ચર્ચા કરી અને જિલ્લાના વિકાસથી પાર્ટીનો વ્યાપ કઈ રીતે વધે તે અંગે કાર્યકર્તાઓને જણાવતા સરકારની યોજનાઓ અને હાલની ઉનાળાની પરીસ્થીતિને લઈ પીવાના પાણીના મુદ્દા ઉપર વિશેષ ભાર મુકી પાર્ટીની સ્થાપના અંગે પાયાની વાત કરવામાં આવી હતી.

આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ, ભીખીબેન સહિત જિલ્લા સંગઠન ઉપપ્રમુખ અતુલ બ્રહ્મભટ્ટ, મહેશભાઈ, જયેશભાઈ, જિલ્લા યુવા મોરચા પ્રમુખ, મહિલા મોરચા પ્રમુખ, વિરોધપક્ષના નેતા રાજુભાઈ, જિલ્લા પંચાયત સભ્યો, જિલ્લાના સહકારી સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલ અને અપેક્ષિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર બેઠક સંચાલન જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ ધ્વારા કરવામાં આવ્યું, ત્યાર બાદ જિલ્લા બક્ષીપંચ મોરચા પ્રમુખ ભીખાજી ડામોર ધ્વારા આભાર વિધિ કરી બેઠક પુર્ણ કરવામાં આવી હતી.

# ધાનેરા-થાવર રોડની પોલીસ ચોકી ભગવાન ભરોસે

## સી.સી ટીવી કેમેરાનો પણ પતો નથી

ધાનેરા રાજસ્થાન સરહદે આવેલ છે અને આ રૂટ પરથી બે નંબરી ગાડીઓ માં માલ અવર જવર થઈ રયો છે. ત્યારે આ વિસ્તારમાં સી.સી ટીવી કેમેરા સાથે પોલીસ ચોકી મુકવામાં આવેલ છે પરંતુ અત્યારે સી.સી ટીવી કેમેરા ગાયબ છે અને પોલીસ ચોકી બંધ હાલતમાં



પડી છે.

જાણવા મળેલ છે કે અમુક દિવસો માં તોડ-પાણી કરવાની હોય તેવા સમયે પોઈન્ટ પર પોલીસ બેઠેલી હોય છે અને એક કલાક બેઠા બાદ કોઈ રણી ધણી રહેતું નથી જો આ ચોકી પર કાયમી માટે સવાર થી રાત્રી સુધી ચોકી પર પોલીસ મુકવામાં આવેતો દાણચોરી અને બે નંબરી વાળા ઓ નાં કૌભાંડો બહાર આવે તેવી લોકો ની માંગ છે.

# બનાસકાંઠા કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ખાતે વિશ્વ આરોગ્ય દિવસ નિમિત્તે બાઈક રેલી યોજાઈ

શિહોરી, તા. ૯

શિહોરી બ્લોક હેલ્થ ઑફીસ થઈ શિહોરી બસ સ્ટેન્ડ મૈઈન બજારથી પાટણ નાળા અને



દિયોદર નાળા થઈ પરત ફરી હતી. જેમાં કાંકરેજ તાલુકાના ૧૨ પ્રાથમકિ આરોગ્ય કેન્દ્રોના કર્મચારીઓ આ બાઈકરેલીમા જોડાયા હતા અને ભારત માતા કી જય ના નારા સાથે ભાજપના બનાસકાંઠા જિલ્લા મહામંત્રી ભારતસિંહ ભટેસરીયાએ લીલી ઝંડી આપી બાઈકરેલીનું પ્રસ્થાન કરાવ્યું હતું. આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા સૂત્રો બોલાયા હતા. દીકરી જન્મને આપો આવકાર એ બનશે તમારો આધાર. વારંવાર સુવાવડ આવે માતાને અકાળે વૃદ્ધ બનાવે જેવા સૂત્રોના અવાજથી શિહોરી ગુંજી ઊઠ્યું હતુ. આમ બાળ મરણ અટકાવવું, માતા મરણ અટકાવવું, મેલેરીયા નાબૂદ કરવા, ટીબી નાબૂદ કરવા લોકોને જાગૃત કરવા ઉમદા હેતુઓ સાથે શિહોરી બ્લોકના કર્મચારીઓ દ્વારા સુંદર રેલીનું આયોજન કરાયું હતું અને ૧૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ તેમજ ૮૨ સબ સેન્ટરના આરોગ્ય વિભાગના કર્મચારીઓએ તાલુકા હેલ્થ ઑફીસર બ્રિજેશ વ્યાસના માર્ગદર્શન હેઠળ અને તાલુકા સુપર વાઈજર અમરત પ્રજાપતિની રાહબારી હેઠળ આ રેલીનું આયોજન કરાયું હતું. અને તાલુકા હેલ્થ ઑફીસ દ્વારા જિલ્લામાંથી આવેલ કીટ ૪૩૦ સાડીઓ અને ૮૮ ડ્રેસનું આશાબેનોને વિતરણ કરાયું હતું. આ રેલીમા ફક્ત ભાઈઓ જોડાયા હતા. જોકે બેનો જોડાઈ નહોતી આમ કુલ ૫૧૮ સાડી અને ડ્રેસ નું વિતરણ સાથે વિશ્વ આરોગ્ય દિવસની રેલી યોજી શાનદાર ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે પૂર્વ આરોગ્ય સમિતિના ચેરમેન અશ્વિન શાહ (વકીલ ) અને ગૌતમ ડોડીયા, વિપુલ પ્રજાપતિ સાહિત શિહોરીના વેપારીઓ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.